1. મહાત્મા ગાંધીના સત્યાગ્રહ અને અહિંસાના વિચારો સમજાવો.

- 20 મી સદીનો પૂ વાંઈ દુનિયાભરમાં બે મહાયુદ્ધો અને સરમુખત્યારશાહીની દર્દનાક હિંસાથી ભરેલો છે. ત્યારે ભારતમાં સત્ય અને અહિંસાના પાયા પર માનવચેતનાને સંકોરી તેણે સ્વરાજયપ્રાપ્તિ તરફ લઈ જવાનું મહાન કાર્ય ભારતમાતાના વીર સપૂત મહાત્મા ગાંધીએ કર્યું. બ્રિટનની યુનિવર્સિટીમાંથી કાયદાની ઉપાધિ પ્રાપ્ત કરી ભારત પરત ફર્યાં, ત્યારબાદ વકીલાત કરવા દક્ષિણ આફ્રિકા પહોંચ્યા (1893).
- દક્ષિણ આફ્રિકામાં રંગભેદ અને સામાજિક અસમાનતા સામે ન્યાયની ઉચ્ચ ભાવના સાથે લડતનો પ્રારંભ કર્યો. ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં સત્ય અને અહિંસા પર આધારિત સત્યાગ્રહ નામનું મહત્ત્વપૂર્ણ આંદોલન ચાલુ કર્યું. ભારત આવી ગોપાલકૃષ્ણ ગોખલેની સલાહથી ભારત ભ્રમણ કર્યું અને (ઈ.સ. 1916માં) અમદાવાદ મુકામે કોચરબ આશ્રમની સ્થાપના કરી.
- ત્યારબાદ અમદાવાદમાં જ (ઈ.સ, 191718) સાબરમતી આશ્રમની સ્થાપના કરી. અહી તેમણે સત્ય અને અહિંસાને વ્યાવહારિક સ્વરૂપ આપવાનું કાર્ય કર્યું. મહાત્મા ગાંધીએ ભારત આવ્યા બાદ પ્રજાકીય લડતની શરૂઆત કરી. તેમણે આ પ્રકારનો પ્રથમ સત્યાગ્રહ ચંપારણમાં કર્યો. ગાંધીજીના દક્ષિણ આફ્રિકા સત્યાગ્રહ વિશે સાંભળીને ચંપારણના ખેડૂત આગેવાનોએ ગાંધીજીની સહાય માંગી અને તેમણે ત્યાં આપવા આમંત્રણ અપાયું. ગાંધીજીએ ત્યાં જઈ વિસ્તૃત તપાસ કરી ખેડૂતોનું નેતૃત્વ લીધું.
- સરકારે એક તપાસ સમિતિ નીમીને ગાંધીને ત્યાંના સભ્ય બનાવ્યા અને ખેડૂતોની સમસ્યા દૂર થઈ. ભારતમાં સત્યાગ્રહનું આ પ્રથમ આંદોલન સફળ થયું. ચંપારણ સત્યાગ્રહ બાદ (ઈ.સ. 1918) અમદાવાદના મિલમજુરો અને મિલ માલિકો વચ્ચે થયેલા વિવાદમાં બંને પક્ષો વચ્ચે સમાધાનકારીની ભૂમિકા ભજવી તેમણે મજૂરોને હડતાળ પર જવા સલાહ આપી અને હિંસાથી દૂર રહેવા જણાવ્યું. એટલું જ નહી પ્રથમ વખત તેમણે ઉપવાસ શસ્ત્રનો પ્રયોગ કર્યો.
- ગુજરાતના ખેડા મુકામે ખેડૂતોના પ્રશ્ન ગાંધીજીએ મહત્ત્વપૂર્ણ સત્યાગ્રહ કર્યો, અતિવૃષ્ટિને કારણે પાક નિષ્ફળ જતાં સરકાર પૂરેપૂરું મહેસૂલ ઉઘરાવવા ઉગ્ર બની હતી. ગાંધીજીએ જયાં સુધી મહેસૂલમાં છૂટે ન મળે ત્યાં સુધી ખેડૂતોને મહેસૂલ ન ભરવા જણાવી સત્યાગ્રહ શરૂ કર્યો. સરકારે જયારે માત્ર ધના ખેડૂતો પાસેથી મહેસૂલ ચૂકવવાનો આગ્રહ રાખ્યો ત્યારે જ ગરીબ ખેડૂતોને મહેસૂલમાં છૂટ આપી ત્યારે આ આંદોલન પાછું ખેચાયું .

2. સ્વતંત્રતા સંગ્રામમાં ક્રાંતિકારીઓની ભૂમિકા સ્પષ્ટ કરો.

- અસહકાર આંદોલન બાદ ફરી એક વખત આત્યંતિક રાષ્ટ્રવાદીઓ એ ક્રાંતિકારી પ્રવૃત્તિો ની શરૂઆત કરી. આ ક્રાંતિકારીઓ સમાજવાદમાં શ્રદ્ધા ધરાવતા હતા અને અસહકાર આંદોલનની નિષ્ફળતા ને કારણે ઉભા થયા હતા. ઈ.સ. 1924માં તેમણે સશસ્ત્ર ક્રાંતિ માટે સંગઠન ઉભું કરવા હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંધની સ્થાપના કરી. સરકારે તેમની ધરપકડો કરી. કાકોરી કેસ ચલાવ્યો.
- રામપ્રસાદ બિસ્મિલ અને એશફાક ઉલ્લા અને અને અન્ય બે ક્રાંતિકારીઓને ફાંસી આપવામાં આવી. (ઈ.સ. 1928) ચંદ્ર શેખર આઝાદના નેતૃત્વમાં ક્રાંતિકારીઓએ નવીન સંગઠન હિંદુસ્તાન સમાજવાદી પ્રજાતંત્ર સંઘ શરૂ કર્યું. સાયમન કમિશનનો વિરોધ કરનાર પંજાબના મહાન નેતા, લાલા લજપતરાયનું પોલીસ લાઠીચાર્જમાં અવસાન થતાં ક્રાંતિકારીઓ ઊકળી ઊઠયા. ભગતસિહ, ચંદ્રશેખર આઝાદ અને રાજગુરુએ લાલા લજપતરાય પર લાઠીચાર્જનો આદેશ કરના બ્રિટિશ પોલીસ અધિકારી સાન્ડર્સની (17 ડિસેમ્બર, 1927) હત્યા કરી.

- ચંદ્રશેખર આઝાદ અને ભગતસિંહના ક્રાંતિકારી સંગઠને પોતાના રાજકીય ઉદ્દેશો જનતા સુધી પહોંચાડવા અને બ્રિટિશ સરકારને જાણ કરવા એક નવો જ રસ્તો અપનાવ્યો. ભગતસિંહ અને બટુકેશ્વર દતે (8 એપ્રિલ, 1929) કેન્દ્રીય ધારાસભામાં બોમ્બ વિસ્ફોટ કર્યો. ભગતસિંહ અને બટુકેશ્વર ભાગી જવાને બદલે પકડાયા અને ન્યાયાલયમાં અંગ્રેજ સરકાર વિરોધી દલીલો કરતા રહ્યા.
- જો કે એ ત્રણેયને ફાંસી આપવામાં આવી હતી. બંગાળમાં પણ ક્રાંતિકારી રાષ્ટ્રવાદી પ્રવૃત્તિઓ ફરી એકવાર ઊભી થઈ હતી. ચટગાંવના સરકારી શસ્ત્રાગાર ઉપર ક્રાંતિકારીઓએ છાપો મારી લૂંટ ચલાવી. તેનું નેતૃત્વ માસ્ટર શુરસેને કર્યું. મહિલાઓએ પણ ભાગ લીધો હતો. સરકારે ક્રાંતિકારી રાષ્ટ્રવાદી આંદોલન ઉગ્ર હાથે દાબી દેવા માટે કાર્ય કર્યું.

### 3. ઈ.સ. 1930ના સવિનય કાનૂનભંગની ચળવળનાં કારણો અને પરિણામો જણાવો.

- ડિસેમ્બર, 1929માં લાહોર ખાતે કોંગ્રેસનું અધિવેશન મળ્યું જેમાં કોંગ્રેસે પૂર્ણ સ્વરાજનું પોતાનું લક્ષ ઘોષિત કર્યું અને 26 જાન્યુઆરી 1930ને પ્રજાસત્તાક દિવસ મનાવવાનું નક્કી થયું. એટલુંજ નહિ એક સવિનય કાનૂનભંગનું આંદોલન કરવાનું નક્કી થયું. જેનો નિર્ણય મહાત્મા ગાંધી લેવાના હતા. આ આંદોલનની શરૂઆત મહાત્મા ગાંધીની પ્રસિદ્ધ દાંડીયાત્રાથી થવાની હતી. તેમણે ગાંધીજીએ (12 માર્ચ 1930ના રોજ) અમદાવાદથી પોતાના 78 સાથીદારો સાથે 375 કી.મી. દૂર દાંડી જઈ બ્રિટિશ કાયદાનો ભંગ કરવાનું નક્કી કર્યું.
- ગાંધીજીએ (6 એપ્રિલ, 1930ના રોજ) દાંડી મુકામે પહોંચી અને સમુદ્રકિનારેથી મુઠી ભરી મીઠું ઉપાડી આંદોલનનો પ્રારંભ કર્યો. બ્રિટિશ સરકારનો મીઠાનો કાયદો તોડીને આ પ્રતિક દ્વારા સમગ્ર ભારતવાસીઓને સ્વતંત્રતાનો સંદેશો આપ્યો. તેમણે કહ્યું બ્રિટિશ શાસન ભારતીયો માટે અભિશાપ સમાન છે. હું આ શાસન પ્રણાલીને નષ્ટ કરવાના મતનો છું. રાજદ્રોહ એ મારો ધર્મ છે. ગાંધીજીના સવિનય કાનૂનભંગના આ કૃત્યથી સમગ્ર રાષ્ટ્ર માં ક્રાંતિની લહેર હરી. મહારાષ્ટ્ર, કર્ણાટક, મધ્યપ્રદેશ, પૂર્વીય ભારતની પ્રજા એ જંગલના અને ચોકીદારીના કાયદાઓ તો થા.
- હડતાળ પ્રદર્શન વિદેશી વસ્ત્રોનો બહિષ્કાર જેવાં મહત્ત્વપૂર્ણ કાર્યો પ્રજાએ કર્યા. લાખો ભારતીયો ના સત્યાગ્રહમાં જોડાયા. ખેડૂતોએ કર ચુકવવાની ના પાડી. હજારો સ્ત્રીઓએ આ સત્યાગ્રહમાં ભાગ લઈ વિદેશી વસ્ત્ર અને દારૂ વેચતી દુકાનો પર પિકેટિંગ કર્યું. આંદોલન છેક ભારતના ઉત્તર પશ્ચિમી ભાગ સુધી પહોંચ્યું હતું. સરહદના ગાંધી તરીકે ઓળખાતા ખાન અબ્દુલ ગફાર ખાનના નેતૃત્વ નીચે ખુદાઈ ખિદમતગાર નામનું સંગઠન ઊભું કર્યું. તેઓ અહિંસાપૂર્ણ સત્યાગ્રહમાં માનતા, પેશાવરમાં ગઢવાલી સેનાપતિ ચંદ્રસિંહ ગઢપાલી અને અન્ય સૈનિકોએ આ અહિંસક ક્રાંતિકારીઓ પર ગોળીઓ ન ચલાવવાનો નિર્ણય લીધો, એ સાબિત કર્યું કે ગાંધીજીના આદર્શો અને રાષ્ટ્રવાદની ભાવના ભારતીય સેના સુધી ફેલાઈ ચુકી છે.
- સમગ્ર દેશમાં આંદોલન વ્યાપક બન્યું. નાગાલેન્ડમાં રાણી ગિડાલુએ માત્ર 13 વર્ષની વયે ગાંધીજીના આંદોલનમાં ભાગ લઈ બ્રિટિશ શાસન વિરુદ્ધ વિદ્રોહ કર્યો. (ઈ.સ. 1930) લંડનમાં ગોળમેજી પરિષદનું આયોજન કરવામાં આવ્યું. જેનો આશય સાયમન કમિશનના રિપોર્ટ પર વિચાર કરવાનો હતો. પરંતુ કોંગ્રેસે તેનો વિરોધ કર્યો. અંતે વાઇસરોય ઇર્વિન અને ગાંધીજી વચ્ચે (માર્ચ 1931) કરાર થયો અને ગાંધીજી સવિખ્ય કાનૂનભંગનું આંદોલન રોકીને બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લેવા લંડન ગયા.

4. ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સુભાષચંદ્ર બોઝનું પ્રદાન સ્પષ્ટ કરો.

- સુભાષચંદ્ર બોઝે કોંગ્રેસ છોડી ફોરવર્ડ બ્લોકની સ્થાપના કરી (ઈ.સ. 1939) હતી. સરકારે તેમની ધરપકડ કરી નજરકેદ કર્યા હતા. યોગ્ય તક મળતાં (માર્ચ 1941) સુભાષચંદ્ર બોઝ કેદમાંથી છૂટી તેઓ જર્મની ગયા અને ભારતની સ્વતંત્રતાની લડાઈ માટે મદદ માંગી ત્યાંથી (ફેબ્રુઆરી 1943) જાપાનની સહાયતા પ્રાપ્ત કરવા જાપાન ગયા.
- ભારતની સ્વતંત્રતા માટે લશકર ઊભું કરવા સિગાપુરમાં રાસબિહારી બોઝની સહાયથી આઝાદ હિંદ ફોજનું નેતૃત્વ લીધું, જનરલ મોહનસિંહે ભારતીય સૈનિકોની એક ટુકડી ઊભી કરી આઝાદ હિંદ ફોજ બનાવી હતી. સુભાષચંદ્ર બોઝ બર્માની ભારત ઉપર આક્રમણ કરવાના મતના હતા. જો કે બીજા વિશ્વયુદ્ધમાં (ઈ.સ. 1944-45) જાપાનનો પરાજય થતા આઝાદ હિંદ ફોજની હાર થઈ, સુભાષચંદ્ર બોઝ ટોકિયો જતી વખતે રસ્તામાં વિમાન દુર્ઘટનામાં મૃત્યુ પામ્યા. (જો કે, આજે પણ આ વણઉકલ્યુ રહસ્ય છે.)

5. સ્વતંત્રતા બાદ ભારત સમક્ષ કેવી સમસ્યાઓ હતી. સમજાવો.

- (1) સ્વાધીનતા : સ્વાધીનતાની પ્રાપ્તિની સાથે ભારત સમક્ષ અનેક સમસ્યાનો મોં ફાડીને ઉભી હતી.

  (2) દેશી રજવાડાં : લગભગ 562 જેટલાં દેશી રજવાડાંઓ, જે સ્વતંત્ર રહેવા ઈચ્છતાં હતા તે ભારત માટે મોટી આફતરૂપ હતા, સરદાર પટેલે કહ્યું હતું કે જો દેશી રજવાડાઓ વિશે યોગ્ય નિર્ણય નહી કરવામાં આવે તો ભારતની સ્વતંત્રતા દેશી રજવાડાંઓના પાછળના બારણેથી નીકળી જશે, અને આ રજવાડાં અને ભારતસંઘ સાથે જો દેવાનું કાર્ય સરદાર પટેલ કર્યું.

  (3) ભારતપાકિસ્તાન વિભાજન : ભારત અને પાકિસ્તાન એવાં બે ભાગલા થતાં ભારતીય પ્રજાનું સ્થળાંતરણ બાદ જ મોટી સમસ્યા હતી. ખાસ કરીને પંજાબ અને બંગાળમાં સ્થિતિ સ્ફોટક હતી, આ સમસ્યાને મોટા પાયે હિન્દુ મુસ્લિમો વચ્ચે કોમી રમખાણો ઊભાં કર્યા .

  (4) ગરીબી અને નિરક્ષરતા : 200 વર્ષના અંગ્રેજી શાસને ભારતનું ભયંકર આર્થિક શોષણ કર્યું હતુંનિરક્ષર અને ગરીબ તથા બેહાલ ભારતને આધિ ક અને શૈક્ષણિક રીતે પગભર બનાવવાનો એક મોટે પડકારે સ્વતંત્ર ભારત સમક્ષ હતો.

  (5) કૃષિ : કૃષિ અને ઔદ્યોગિકરણ તથા શિક્ષણ અને ટેકનોલોજીના વિકાસથી જ તે પડકારનો જવાબ આપવાનો હતો.

  (6) પ્રાંત રચનાનો એક મોટો મુદો સ્વતંત્રતા પછી તરત જ ઊભો થયો હતો, જેણે ફરી એક વખત ભારતની એકતા અને અખંડિતતાને ભયમાં મૂકી હતી.

  (7) પછાત વર્ગો : સ્ત્રીઓની, અનુસૂચિત જાતિની અને અનુસૂચિત જનજાતિની વિકાસની સમસ્યાઓ પણ સ્વતંત્ર ભારત સમક્ષ હતી, આમ, સ્વતંત્રતા બાદ ભારતમાં રાજકીય, આર્થિક અને સામાજીક સમસ્યાઓ મોટા પ્રમાણમાં હતી.